કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
કચેરી, જિલ્લો: અરવલ્લી

જિલ્લા સેવા સદન,શામળાજી રોડ મોડાસા,
મુ.મોડાસા, જિ.અરવલ્લી-૩૮૩૩૧૫
ફોન.નં. (૦૨૭૭૪) ૨૫૦૨૦૦,૨૫૦૨૦૩
ફેક્સ નં. (૦૨૭૭૪) ૨૫૦૨૦૨
**Email-collector-arv@gujarat.gov.in**

નં:ડીસી/એમએજી/ડોમીસાઈલ/ચકાસણી સમિતી/વશી/૩૭૬૯/૨૦૧૮ તા:-૯/૦૭/૨૦૧૮

<u>વંચાણે લીધુ</u>: સરકારશ્રી ગૃહ વિભાગના પરિપત્ર ક્રમાંક:નં.**MIS/65/2018/F-II**(પાર્ટ ફાઈલ) ,તા.૦૬/૦૭/૨૦૧૮

<u>હુકમ:</u>

રાજ્ય સરકાર ધ્વારા રચાયેલ એડમીશન કમીટી ફોર પ્રોફેશનલ અંડર ગ્રેજ્યુએટ/પોસ્ટ ગ્રેજ્યુએટ મેડીકલ એજ્યુકેશન કોર્સીસના ચેરમેનની રજુઆત મુજબ પ્રવેશ સમિતી ધ્વારા મેડીકલ,ડેન્ટલ, આયુર્વેદિક, હોમિયોપેથિક અને નેચરોથેપી પ્રવેશ માટે ૨૦૧૮ થી આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ ગાંધીનગરના તા.૦૪/૦૫/૨૦૧૮ ના સુધારા પ્રવેશ નિયમો અન્વયે જે વિધાર્થી ગુજરાત રાજ્યનો ડોમીસાઈલ હોય તેને જ પ્રવેશ આપવા ઠરાવેલ છે.

ગુજરાત ડોમીસાઈલ પેરેન્ટસ એસોસીએશન વડોદરા અને અન્ય ધ્વારા રજુઆત થતાં તથા આ બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થયેલ **SCA**ના નં.૧૦૧૬૪/૨૦૧૮ સંદર્ભે જે ડોમીસાઈલ સર્ટી અપાયેલ છે તે સર્ટીફીકેટના વેરીફીકેશનની કાર્યવાહી એડમીશન પ્રક્રિયાની સાથે સાથે કરી આ કામગીરી તા.૨૦/૦૭/૨૦૧૮ સુધીમાં પુર્ણ કરવા જરૂરી હુકમો કરવા જણાવેલ છે.

ઉપરોક્ત થયેલ સુચના મુજબ ચાલુ વર્ષે (૨૦૧૮) મેડીકલ,ડેન્ટલ, આયુર્વેદિક, હોમિયોપેથિક અને નેચરોથેપી પ્રવેશ માટે જે વિધાર્થી ગુજરાત રાજ્યનો ડોમીસાઈલ હોય તેને પ્રવેશ આપવા સંદર્ભે પ્રવેશ સમિતી ખાતે અરજી કરેલ વિધાર્થીઓના ડોમીસાઈલ સર્ટીફીકેટની ચકાસણી કામગીરી માટે નીચે જણાવ્યા મુજબની સમિતીની રચના કરવામાં આવે છે.

DISTRICT MAGISTRATE ARAVALLI DISTRICT MODASA

P. T. O

Scanned by CamScanner

| અનુક્રમ.નં. | અધિકારીશ્રીનો હોદ્દો | સમિતીનો હોદ્દો |
|---|---|---|
| ૧ | પ્રાંત અધિકારીશ્રી બાયડ | અધ્યક્ષ |
| ૨ | એસી.પી.યુ.જી.એમ.ઈ.સી. કોર કમિટીના અધિકારી/કર્મચારી | સભ્ય |
| ૩ | જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી,અરવલ્લી | સભ્ય |
| ૪ | મામલતદારશ્રી સાડા, કલેક્ટર કચેરી અરવલ્લી. | સભ્ય |

સદર સમિતીએ વંચાણે લીધેલ સરકારશ્રી ગૃહ વિભાગના તા.૦૬/૦૭/૨૦૧૮ના પરીપત્રથી નિર્દેષ્ટ કરેલ સુચનાઓ મુજબ અમલવારી કરી કાર્યવાહી કરી,આ કામગીરી તા.૨૦/૦૭/૨૦૧૮ સુધીમાં પુર્ણ કરીને **Verified Final** યાદી આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગની એડમીશન કમિટીને રજુ કરવાની રહેશે.

ઉક્ત હુકમની અમલવારી તાત્કાલિક અસરથી કરવાની રહેશે.

DISTRICT MAGISTRATE
ARAVALLI DISTRICT MODASA

જિલ્લા મેજીસ્ટ્રેટ
અરવલ્લી,મોડાસા

<u>નકલ રવાના</u>: સમિતીના તમામ સભ્યશ્રીઓ તરફ...............
/- ઉક્ત હુકમ મુજબ અમલવારી કરવા સારૂ.

Scanned by CamScanner